ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૧-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### આમ આદમી પાર્ટીનો 'પ્રજાધર્મ'

ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેના કાર્યાલય સામે જ ધરણાં પર બેસવાની કેજરીવાલ મંત્રીમંડળની હઠને મીડિયા અને વિરોધી પરિબળો ભલે સસ્તી પ્રસિદ્ધિના નાટક તરીકે ખપાવવા કોશિશ કરે, પરંતુ દિલ્હીની આમ જનતા તો એના અંતઃકરણના અવાજને વાચા આપવા મથતી આ એકવીસ દિવસની લોકપ્રિય સરકારના કહેવાતા બિનસંસદીય વહેવારથી રાજીપો જ અનુભવતી હશે. કેન્દ્ર સરકારે આખા લુટિયલ વિસ્તારમાં ૧૪૪મી કલમ લગાવી દીધી અને ધરણાં કરવા માગતા કોંગ્રેસના જ ટેકાથી સરકાર રચી શકેલા દિલ્હીના મુખ્યમંત્રીને રેલભવન આગળ જ અટકાવી દીધા, એથી તો ઊલટાના કેજરીવાલ મીડિયા પર વિશેષ છવાઈ જવાના છે. કેજરીવાલે કોંગ્રેસને ટેકો આપતાં પૂર્વે ચેતવી પણ હતી એમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે અમને ટેકો આપીને કોંગ્રેસ પસ્તાવાની છે કારણ કે અમે કંઈ એના નિર્દેશો મુજબ નહીં ચાલીએ. અમારે તો દિલ્હીની પ્રજાને આપેલાં ચૂંટણીવચનો પૂરાં કરવાનાં છે. દિલ્હીનું શાસન સંભાળતાં વેંત કેન્દ્ર સરકારના ગૃહ ખતા હસ્તક રહેતી પોલીસ સાથે રાજય સરકારને વાંધો પડયો છે. મધરાતે શહેરની વિવિધ સ્વરૂપે ઓચિંતી મુલાકાત લઈ કેજરીવાલના ઉત્સાહી મંત્રીઓએ કેટલાકને ખખડાવ્યા તો વળી પોલીસે એમની વાતનો વિરોધ કરીને વોહી રફતાર બેઢંગી ચાલુ રાખી. રાખી બિરલા અને સોમનાથ જેવા ઝુઝારુ મંત્રીઓએ દિલ્હીમાં ચાલતી બદનામ રાત્રિ પ્રવૃત્તિઓ પર છાપા મારીને પોલીસને રક્ષાણાત્મક સ્થિતિમાં મૂકી દીધી છે તો વળી ભ્રષ્ટાચાર અંગે નાગરિકોને જાતે જ સ્ટિંગ ઓફરેશન કરી હેલ્પલાઈન નંબરનો સંપર્ક કરવા જણાવાયું છે. પાણી અને વીજળીના પ્રશ્ને આપેલાં ચૂંટણીવચનો ગણતરીના અડતાળીસ કલાકમાં જ પૂરાં કરી દેનાર 'આપ' સરકાર રાતોરાત દેશ અને દુનિયામાં લોકપ્રિયનાં શિખર સર કરી રહી હતી, તેથી મુખ્ય વિરોધ પક્ષ ભાજપ અને કેન્દ્રમાં સત્તાધારી પક્ષ કોંગ્રેસ-બેઉને એ આગામી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ભારે નુકસાન પહોંચાડી શકે એવી દહેશત પેસી ગઈ છે. તાજેતરમાં દિલ્હીમાં બનેલા સામૂહિક બળાત્કારકાંડ મુદ્દે પ્રજામત પોતાની વિરુદ્ધ જાય, એ પહેલાં જ કેજરીવાલે દિલ્હી પોલીસ સામે બાકરી બાંધીને કેન્દ્ર સરકારને દોષિત પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવાની માગણી મૂકી હતી. જયારે પોલીસ કમિશ્નરે એમને દાદ ન આપી ત્યારે નાછૂટકે એમને સીધા જ ગૃહમંત્રીના કાર્યાલય સામે ધરણાં યોજવાનો કાર્યક્રમ જાહેર કરવો પડયો છે. સોમનાથ ભારતીએ દિલ્હીમાં ચાલી રહેલાં સેકસ રેકેટ પર તરાપ મારવાની કોશિશ કરી ત્યારે પોલીસે ઊલટાના એમને ફસાવવાની ચાલ રમીને ઊલટાની કેન્દ્ર સરકારને જ લોકનજરમાં ઉતારી પાડવાનું કામ કર્યું છે. ભાજપ પણ આમ આદમીનો વધતો જતો પ્રભાવ જીરવી શકતું ન હોઈ પોલીસ સામેની એની અથડામણને ગેરવાજબી ગણાવે છે. પરંતુ દિલ્હીને પૂર્ણ કદના રાજયનો દરજજો અપાવવો હોય તો પોલીસતંત્ર રાજય હસ્તક જ હોવું જોઈએ, એ સિવાય તો રાજય સરકાર કેવળ શોભાના ગાંઠિયો બની રહે. આ મુદ્દે કોંગ્રેસ અને ભાજપ બેઉએ એમના ચૂંટણી ઢંઢેરામાં વચન સુધ્ધાં આપી દીધું હોવા છતાં, અત્યારે જયારે આપનો તાપ જીરવાતો નથી ત્યારે બેઉ એનો વિરોધ કરી રહેલ છે. કેન્દ્રીય નાણાંમંત્રી પી. ચિદંબરમે તો સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે 'આપ'ને ટેકો આપીને કોંગ્રેસે મોટી ભૂલ કરી દીધી છે.

દિલ્હીના આમ આદમીને કેજરીવાલ સરકારનાં ધરણાંથી એકાદ દિવસ પૂરતી મુશ્કેલી જરૂર પડી છે પરંતુ જયારે ચૂંટાયેલી રાજય સરકારને પોતાનાં કામ પૂરાં કરવામાં ડગલેને પગલે ઉબેટો નડતી હોય તો એની પાસે લોકશાહી ઢબે આંદોલન કરવા સિવાય બીજો વિકલ્પ જ કયાં બચ્યો છે? કેજરીવાલ સરકારનું આ ધરણાંવાળું પગલું ઐતિહાસિક છે અને એક રીતે કહીએ તો વીઆઈપી કલ્ચરમાં ડૂબી ગયેલા આપણા રાજકારણીઓ માટે તો આઘાતજનક જ છે. પરંતુ કેજરીવાલ કોઈપણ ભોગે એમનો 'રાજધર્મ' અને 'પ્રજાધર્મ' અદા કરવા કૃતસંકલ્પ હોઈ એમને એ માર્ગે આગળ વધતાં અઠકાવી શકાય એમ નથી. પ્રજાને રાજય સરકારનાં આ પ્રકારનાં તેજાબી પગલાં ગમે છે, તે કોંગ્રેસ અને ભાજપના મોવડીઓએ સમજી લેવાની જરૂર છે.

# એસ.જી. ઈંગ્લિશ સ્કૂલનો રમતોત્સવ યોજાયો : શિક્ષકગણ પણ જોડાયો





ગાંધીનગર, તા. ૨૦

કડી મંડળ સંચાલિત સેકટર-૨૩ સ્થિત એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલનો વાર્ષિક રમતોત્સવ શાળાના પટાંગણમાં યોજવામાં આવ્યો હતો. જેમાં ધોરણ - ૧ થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની શક્તિઓ ખિલવી હતી.

શહેરની શાળાઓ પોતાના વિદ્યાર્થીઓ રમત-ગમત ક્ષેત્રે ઝળહળતી કારકિર્દી બનાવી આગળ વધે તે હેતુથી શાળામાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરતા હોય છે. ત્યારે શહેરમાં આવેલી એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલ દ્વારા તા. ૧૦-૧૧ જાન્યુઆરી દરમ્યાન વાર્ષિક રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. વાર્ષિક રમતોત્સવનો પ્રારંભ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, આચાર્ય અર્પિતભાઈ ક્રિશ્ચિયન, દિનાબેન ડોડિયાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. સ્પર્ધામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી ભાગ લીધો હતો. પ્રથમ દિવસે શાળામાં દોડ, લીંબુ ચમચી, બુકબેલેન્સ, સ્લો સાયકલ, સંગીત ખુરશી જેવી રમતો યોજવામાં આવી હતી. જેમાં ધોરણ-૧ થી ૪ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

જ્યારે બીજા દિવસે ૧૦૦ મી. દોડ સહિતની સ્પર્ધામાં ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બાળકોની સાથે શિક્ષકગણ જોડાયા હતા. જેમાં દોરડા ખેંચ અને લાલ રૂમાલ રમત યોજવામાં આવી હતી.

## હરિની દૃષ્ટિ...




*તને આઉટ સોર્સીંગથી રાખ્યો તો છે, રોકડનું તો હું ધ્યાન રાખી શકીશ પણ, મેં મારી આ સેક્રેટરીને બહુ મહેનતથી કન્વીઝ કરી છે તેને આઉટ સોર્સ ન કરી નાખતો ભાઈલા...!!*

# ચૌધરી મહિલા કોલેજ નેશનલ લેવલે કબડ્ડીમાં છઠ્ઠુ સ્થાન પ્રાપ્ત કર્યુ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના સેક્ટર-૭માં આવેલી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની કબડ્ડીની ટીમે દિલ્હી ખાતે નેશનલ લેવલે છઠ્ઠો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આ કબડ્ડી ટીમ ચૌધરી મહિલા કોલેજની એનસીસી યુનિટની ટીમ હતી.

દિલ્હી ખાતે નેશનલ લેવલની કબડ્ડી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ચૌધરી મહિલા કોલેજના એન. સી. સી. યુનિટની ૧૦ કેડેટ્સની ટીમે ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં આ ટીમે ઉત્કૃષ્ઠ દેખાવ કરતાં છઠ્ઠુ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું અને નોંધપાત્ર ટીમોમાં સ્થાન મેળવ્યું હતું. તેમની આ સિદ્ધિ બદલ યુનિટ તરફથી દરેક ખેલાડીને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા અને દરેક કેડેટ્સને કોલેજના આચાર્યા ઉર્મિલાબેન ચૌધરી તથા એનસીસી યુનિટના એ.એન.ઓ. પ્રા. સોનલબેન મોદી અને કોલેજ પરીવારે અભિનંદન પાઠવ્યા હતા.

# નર્સિંગ કોલેજમાં કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા : ૧૭ વિદ્યાર્થીની પસંદગી પામી

ગાંધીનગર, તા.૨૦


ચંચલબેન પટેલ નર્સિંગ કોલેજમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ રોજગારી મેળવી પગભર થાય તે હેતુથી કેમ્પસ ઈન્ટરવ્યુ રાખવામાં આવ્યા હતા. જેમાં કોલેજની ૧૭ વિદ્યાર્થીનીઓ એપોલો હોસ્પિટલમાં નર્સ તરીકે પસંદગી પામી હતી.

કોલેજ કેમ્પસમાં એપોલો હોસ્પિટલ અમદાવાદ દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુ રાખવામાં આવ્યા હતા. જેમાં સી.એમ. પટેલ નર્સિંગ કોલેજ ગાંધીનગરની ૧૭ વિદ્યાર્થીનીઓની નર્સ તરીકે પસંદગી થતા વિદ્યાર્થીનીઓની ખુશીનો પાર રહ્યો ન હતો. તેમજ દિલ્હી ખાતે યોજાયેલી ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલની ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં કોલેજના પ્રો. રાજેશ રાવલ અને નિતીન દેવડિયાએ ભાગ લીધો હતો.

# પ૯મી નેશનલ સ્કુલગેમ સ્પર્ધામાં પ્રેરણા સ્કુલના વિદ્યાર્થી ઝળકયા

ગાંધીનગર, તા.૨૦

તાજેતરમાં દિલ્હી ખાતે પ૯મી નેશનલ કક્ષાની સ્કુલ ગેમ ગત તા. ૨ જાન્યુઆરી થી તા. ૮ જાન્યુઆરી દરમિયાન યોજાઈ હતી. જેમાં પ્રેરણા વિદ્યાલય સે-પના ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શહેરની પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ દિલ્હી ખાતે પ૯મી નેશનલ કક્ષાની સ્કુલ ગેમ રોપ સ્કીપીંગ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તા. ૨જીથી ૮ જાન્યુઆરી દરમિયાન સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શાળાના ૧૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રોપ સ્કીપીંગ સ્પર્ધામાં કુ. રિધ્ધિબા ગોહિલે ત્રીજો નંબર મેળવી કાંસ્યપદક મેળવ્યો છે. જયારે યુવરાજ વાઘેલા અને કેયુર પટેલે ફ્રી સ્ટાઈલ સ્પર્ધામાં કાંસ્યપદક મેળવ્યા છે. વિદ્યાર્થીઓએ દિલ્હી ખાતે ભાગ લઈ શાળાનું ગૌરવ વધારવાથી શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.




ગાંધીનગરની સિદ્ધાર્થ લૉ કોલેજના વિદ્યાર્થીઓ સરિતા કુમાર અને આનંદ એસ. ટેલરે સર એલ.એ. શાહ લૉ કોલેજ ખાતે યોજાયેલી સર આઈ.એમ. નાણાંવટી ઈન્ટર લૉ કોલેજ મુટકોર્ટ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા બની કોલેજ તથા શહેરનું ગૌરવ વધાર્યું હતું. કોલેજ સંચાલક મંડળ તથા કર્મચારીગણે આ બંને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# લાઈટ્સ કેમેરા એકશનનો પ્રથમ શો ગાંધીનગરમાં યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

લાઈટ્સ કેમેરા એક્શન દ્વારા શહેરમાં પ્રથમ શોર્ટ ફિલ્મ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શહેર ઉપરાંત અમદાવાદ, મહેસાણા, હિંમતનગર, હૈદ્રાબાદ, મુંબઈ તેમજ વિદેશી સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

ડૉ. આંબેડકર હોલ સે. ૧૨ ખાતે ગત તા. ૧૮ જાન્યુઆરીના રોજ લાઈટ્સ કેમેરા એક્શનનો સ્ક્રિનીંગનો પ્રથમ શો રાખવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતી ફિલ્મ ડિરેક્ટર જગદીશ સોની, નાટક દિગ્દર્શક, અક્ષર સૈયદ, યોગેશ ત્રિવેદી, તેમજ શહેરના નામાંકિત કલાકારો ઉપસ્તિત રહ્યા હતા.





સ્પર્ધામાં વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતા. જેમાં નિર્ણાયક તરીકે દિગ્દર્શક રેહાન પટેલ, સંગીતકાર સમીર રાવલ, ભૌતિક ટાંક ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાનું આયોજન નિશાન મનસુરી અને નદીમ શેખ દ્વારા કરવામાં આવ્યું હતું. ધાર્મિક ચૌહાણ અને કશ્યપ નિમાવતે સહયોગ આપ્યો હતો.

# જ્ઞાનધારા વિદ્યા સંકુલમાં વિવેકાનંદ યુવા સપ્તાહની પૂર્ણાહુતિ થઈ

ગાંધીનગર, તા.૨૦

સ્વામી વિવેકાનંદજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે જિલ્લામાં વિવેકાનંદજીના જીવન વિષય પર અનેક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ત્યારે વ્યાયામ વિદ્યાલય સાદરા ખાતે યુવાનોનો પથદર્શક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

તાલુકાના સાદરા ખાતે આવેલી મહાદેવભાઈ વ્યાયામ વિદ્યાલયમાં સ્વામી વિવેકાનંદ યુવા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સાંપ્રત સમયમાં યુવાનોના પથદર્શક-સ્વામી વિવેકાનંદ વિષય પર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન જ્ઞાનવર્ધક, રાષ્ટ્રભકિત, વ્યસનમુકિત, તંદુરસ્ત બાળક, તંદુરસ્ત રાષ્ટ્ર અભિયાન, પોસ્ટર પ્રદર્શન યુવા પ્રેરિત વાર્તાઓની માહિતી આપવામાં આવી હતી. જેમાં



મોતીપુરા, માધવગઢ, કલ્યાણપુરા અને સાદરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

આ પ્રસંગે પ્રા. રમેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. પ્રા. જમનાદાસ સાવલિયા, ડૉ. ઉદાજી પરમાર, દેવનંદન યાદવ પ્રા. નિરજ સિલાવટ સહિત મોટી સંખ્યામાં વિદ્યાથીઓએ કાર્યક્રમને નિહાળ્યો હતો.

# જે પોતાની જાતનો મિત્ર છે, તે સૌ કોઈનો મિત્ર હોય છે

**He who is his own friend, is a friend to all men**

**- Seneca**

*(જે પોતાની જાતનો મિત્ર છે, તે સૌ કોઈનો મિત્ર હોય છે.)*

મનુષ્ય એવું પ્રાણી છે જેને પોતાની જાત સાથે પણ ઝઘડો થતો રહેતો હોય છે. કેટલાકનું આખું જીવન જ જાત સાથે ઝઘડવામાં ખર્ચાઈ જાય ને છેક સુધી ખબર જ ન પડે કે દુઃખનું કારણ શું હતું.

મનુષ્ય સામાજિક છે. એના તાણાવાણા અનેક વ્યક્તિઓ સાથે જોડાયેલા હોય છે. આ તાણાવાણામાં કોઈવાર ગૂંચ પણ પડે, જે ઉકેલતા ન આવડે તો સમસ્યા સર્જાય. સમાજમાં પરસ્પર નજીક હોવાના ફાયદા છે એની સાથે ગેરલાભ પણ ઘણા છે. જો કે આ ગેરલાભ આપનું જ સર્જન હોય છે.

પરસ્પર નિકટતાના કારણે માણસ-માણસ વચ્ચે દેખાદેખી વધી. બાળક પાંચેક વર્ષનું થાય એનામાં સમજણ પ્રવેશે કે તરત જ એની શાંત જિંદગીમાં વલયો સર્જાવા લાગે. શાળામાં એકડો ઘૂંટવા લાગે ત્યારથી એનાં માતાપિતા એના માટે કોઈ લક્ષ્ય નક્કી કરી એને દોડવાની ફરજ પાડે.

નાનપણમાં શરૂ થયેલી કોઈ લક્ષ્ય માટેની દોડ સમય જતાં ગળાકાપ સ્પર્ધામાં ફેરવાઈ જતી હોય છે. અવિરત દોડને આપણે 'ફાસ્ટ લાઈફ' કહીએ છીએ, જે ઝડપથી જીવાડી ઘરડા બનાવી દેતી હોય છે.

**તમારા બેસ્ટ ફ્રેન્ડ, તમે પોતે**

**અક્ષયપાત્ર**

**- બકુલ દવે**

દોડતાં માણસને હાંફ ચડે છે પણ એ ક્ષણનોય વિરામ લઈ શકતો નથી. એક ભીતિ એને દોડાવ્યા કરે છે કે જો એ વિરામ લેશે તો પાછળ દોડનારા એને આંબી જશે અથવા તો પોતે જેને આંબી જવાનું લક્ષ્ય. નક્કી કર્યું છે એમાં એ સફળ નહીં થાય. છતાં પણ હંમેશાં માણસ ઈચ્છે એ પ્રમાણે એનું લક્ષ્ય પાર પડતુ ંનથી.

આવું બને ત્યારે માણસ પોતાની જાત સાથે ઝઘડવા લાગે છે. બીજાને પોતાની આગળ જતાં જોઈ એને ઈર્ષા થાય છે. પોતે કરેલી ભૂલો માટે એ બહાનાં શોધે છે અને તે માટે પોતાની જાતને ઠપકો આપ્યા કરે છે. To err is human, પણ એ ભૂલ સ્વીકારી શકતો નથી કે નથી એમાંથી કશું શીખવા પ્રયત્ન કરતો. અમર્યાદિત મહત્ત્વાકાંક્ષાઓ એને અહંકારી અને રૂક્ષ બનાવી દે છે. એ સંવેદના ગુમાવી બીજા અસ્તિત્વને નથી સ્વીકારી શકતો. એ કોઈને ચાહી પણ નથી શકતો. Love is a two way process. જે પ્રેમ ન કરી શકે એને પ્રેમ કેવી રીતે મળે?

પોતાની જાતના મિત્ર બનવા માટે ભીતર જે કોલાહલ છે તે શાંત થવો જોઈએ. જીવન વિશે વિધાયક વલણ કેળવાય તો આ શકય બને. અપેક્ષાઓ- ઈચ્છાઓ ઓછી થતી જાય તો આ બની શકે. એક વાર એ શકય બને પછી જબરો ચમત્કાર થાય છે. સ્વાર્થનો વિચાર અટકી જાય છે ને તે ક્ષણે માણસ પોતાનો મિત્ર બને છે. મૈત્રીનો આ રંગ વ્યક્તિની અંદરથી આરંભાઈ ધીમે ધીમે બહાર પણ પ્રસરતો જાય છે. જે પોતાની જાતને મિત્ર બનાવે છે એ સૌને ચાહવા લાગે છે. ચાહતનો રંગ ઘેરો બનતો જાય છે. પોતાની જાતની મિત્રતા કરી માણસની યાત્રા અજાતશત્રુ બનવાની દિશામાં આગળ વધે છે. અંતમાં લોંગફેલોનું એક વાકય ટાંકવાનું મન થાય : Love gives itself; it is not brought.

# બે સંગીત આલ્બમોનું મોદી દ્વારા વિમોચન

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતની આઝાદીના સ્વાતંત્ર્યવીર વીર સાવરકરની આંદામાન નિકોબારની કાળાપાણાની જેલની દિવાલો વચ્ચે લખાયેલી કવિતાઓની અમર રચનાઓ આધારિત બે સંગીત આલ્બમનું આજો વિમોચન કર્યું હતું.

સ્વરનંદ ફાઉન્ડેશન મુંબઈના યુવા સંગીતકાર ભરત મોહન બાલવલીના નિર્દેશનમાં તૈયાર થયેલા આ તે આલ્બમ સ્વતંત્રતે ભગવતી અને સ્વાતંત્ર્યવીર સાવરકરની અમર રચનાએ ચાર વર્ષથી સંગીત તપસ્યાનો પુરૂષાર્થ છે જેને મુખ્યમંત્રીએ ખૂબ ભાવુકતાથી બિરદાવ્યો હતો અને ભરત બાલવલી અને સહયોગીઓને અભિનંદન આપ્યા હતા. સમગ્ર વીરસાવરકર પરિવારે ભારતમાતાની આઝાદી માટે જે ત્યાગ-તપસ્યા કરી તે ભારતની આઝાદીના અનેક મરજીવાઓની જેમ શિરમોર છે.

આંદામાન-નિકોબારની જેલની કાલાપાણીની સજાના સમયે પણ ભારતમાતાની ભક્તિ માટે કાળ કોટડીની દિવાલો ઉપર વીરસાવરકરે આ કાવ્ય રચનાઓ લખેલી જે આજે પણ યુવાપેઢીને દેશદાઝ માટે પ્રેરણા આપે છે એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે વીર સાવરકરજીએ કરેલી સાહિત્ય સાધનાની તપસ્યા, કાવ્ય અને મંત્રમાં, ભારતમાતાની આઝાદીની લલન હતી. તેમના પોતાના દર્દો-ગમ ભૂલી જઈને નસ-નસમાં ભારતમાતાની મુક્તિની આગ હતી.